# ચંદ્રગુપ્ત મૌર્યની રાજકીય કારકિર્દી અને સિદ્ધિઓ

ડૉ.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ

# પ્રકરણમાં રજૂઆત

- પ્રસ્તાવના
- ચંદ્રગુપ્તના વિજયો. (રાજકીય કારકિર્દી)
    1. ગાદી પ્રાપ્ત કર્યા પહેલાના વિજયો.
    2. ગાદી પ્રાપ્ત કર્યા પછીના વિજયો.
- શાસન વ્યવસ્થા.
- મૂલ્યાંકન.

# પ્રસ્તાવના

- ભારતમાં પ્રથમ ઐતિહાસિક સામ્રાજયના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યનો જન્મ ઇ.સ.પૂર્વે 345માં બિહારમાં આવેલા પિપલીવનમાં થયો હતો. બૌધ્ધ ગ્રંથોના જણાવ્યા અનુસાર ચંદ્રગુપ્તના પિતા મૌર્યવંશના સરદાર હતા. તેઓ નંદવંશી રાજા સામે યુધ્ધમાં માર્યા ગયા. તેથી તેમની પત્નીએ પાટલિપુત્રમાં આશરો લીધો.
- બાળક ચંદ્રગુપ્તને રાજારાજાની રમત રમતો જોઇ ચાણક્યની નજરમાં વસી ગયો. ચાણક્યને તેના અસાધારણ બુધ્ધિ પ્રતિભાના દર્શન થયા, તેથી તેને તક્ષશિલા લઈ ગયા અને શાસ્ત્રો અને શસ્ત્રોનું જ્ઞાન આપ્યું.
- ચંદ્રગુપ્તે મગધમાં ઇ.સ.પૂર્વે 322માં મૌર્યવંશની સ્થાપના કરી.

# ગાદી પ્રાપ્ત કર્યા પહેલાના વિજયો.

- સિંધ અને પંજાબ માંથી ગ્રીક શાસનની નાબૂદી.
- સિકંદરના આક્રમણ પછી ગ્રીકો સિંધ અને પંજાબમાં તેમનું શાસન સ્થાપ્યું હતું, તેને  ચંદ્રગુપ્તે, ચાણક્યની મદદથી લશ્કર એકત્ર કરીને સિંધ અને પંજાબ માંથી ગ્રીકોને હાંકી કાઢ્યા.
- મગધ માંથી નંદવંશનો નાશ. નંદ વંશના છેલ્લા રાજવી ધનનંદ વિરુદ્ધ મગધની પ્રજામાં ઘણોજ અસંતોષ હતો, મગધની પ્રજા ત્રાસી ગઈ હતી, ચાણક્યની સલાહ પ્રમાણે તેણે મગધમાં અંધાધૂંધી ફેલાવી અને અરાજકતાનું વાતાવરણ ફેલાવ્યું. ધનનંદના અત્યાચારી શાસનથી ત્રાસેલી પ્રજાએ ચંદ્રગુપ્તને સહકાર આપ્યો, હવે તેણે મગધ ઉપર ચઢાઈ કરી, અને યુદ્ધમાં ધનનંદનો ઘાત કરી મગધની ગાદી પ્રાપ્ત કરી અને મૌર્યયુગની સ્થાપના કરી.

# ગાદી પ્રાપ્ત કર્યા પછી વિજયો.
# (સેલ્યુકસ સાથે યુધ્ધ.)

- સેલ્યુકસ સાથે યુધ્ધ.ચંદ્રગુપ્ત મગધની ગાદી પ્રાપ્ત કર્યા પછી મગધનું રાજ્ય વિસ્તાર કરી રહ્યો હતો, તે વખતે પશ્ચિમ એશિયામાં સેલ્યુકસ ભારત ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યો હતો. સિંધ અને પંજાબ માંથી ચંદ્રગુપ્ત મૌર્ય ગ્રીકોની હાકલપટ્ટી કરી તેણે પરિણામે સેલ્યુકસે એ પ્રદેશો પાછા મેળવવા ભારત પર આક્રમણ કર્યું હોય તે શક્ય છે, પરિણામે ઇ.સ. પૂર્વે 305માં તેને ચંદ્રગુપ્ત સાથે યુધ્ધ થયું. તેમાં સેલ્યુક્સ હાર્યો અને તેને સંધિ કરવાની ફરજ પડી. આ સંધિને પરિણામે ચંદ્રગુપ્તને કાબુલ, કંધાર, હેરાત અને બ્લુચિસ્તાનના પ્રદેશો મળ્યા. સેલ્યુકસે પોતાની પુત્રી હેલનને ચંદ્રગુપ્ત સાથે પરણાવી. સેલ્યુકાસના પ્રતિનિધિ તરીકે મેગસ્થનીશ ચંદ્રગુપ્તના દરબારમાં રહ્યો અને આ યુધ્ધના પરિણામે મૌર્ય સામ્રાજયની સરહદ છેક કાબુલને પેલે પાર પહોંચી.
- ગુજરાત સૌરાષ્ટ્ર જીત.
- દક્ષિણ પ્રદેશની જીત.

# ગાદી પ્રાપ્ત કર્યા પછી વિજયો.
# (ગુજરાત સૌરાષ્ટ્ર જીત.)

- ગુજરાત સૌરાષ્ટ્ર જીત. પશ્ચિમ ભારતમાં આવેલા આ પ્રદેશો ચંદ્રગુપ્તે જીત્યા હતા તેમાં કોઈ સંદેહ નથી. ગિરનારના શિલાલેખમાં રુદ્રદામને કોતરાવેલા લેખ મુજબ ચંદ્રગુપ્તે આ પ્રદેશના સુબા તરીકે પુષ્યગુપ્તની નિમણૂંક કરી હતી અને સિંચાઇ માટે જૂનાગઢમાં સુદર્શન તળાવ બંધાવેલું. આ હકીકત આ પ્રદેશ મૌર્ય સામ્રારાજ્યનો ભાગ હોવાનું પુરવાર કરે છે.

# ગાદી પ્રાપ્ત કર્યા પછી વિજયો.
# (દક્ષિણ પ્રદેશની જીત.)

- દક્ષિણ પ્રદેશની જીત. અશોકના શિલાલેખો દ્વારા એ જાણકારી પ્રાપ્ત થાય છે કે, તેનુ સામ્રારાજ્ય દક્ષિણમાં મૈસૂર સુધી ફેલાયેલું હતું. મૈસૂર રાજ્યમાં આવેલા કેટલાંક લેખો ચંદ્રગુપ્ત મૌર્યનું સામ્રારાજ્ય છેક દક્ષિણમાં હશે એવી રજૂઆત કરે છે. તામિલ સાહિત્યમાં આવીઓ ઉલ્લેખ છે. ચંદ્રગુપ્તનો પુત્ર બિન્દુસાર કોઈ યુદ્ધ લડ્યો ન હતો, અને અશોક ફક્ત એકજ યુદ્ધ લડ્યો અને જીત્યો હતો. આથી સ્પષ્ટ થાય છે કે, ચંદ્રગુપ્ત મૌર્યએ દક્ષિણના પ્રદેશો જીત્યા હશે.
- ચંદ્રગુપ્તે પુર્વમાં બંગાળથી માંડીને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર સુધી અને ઉતરે કાબુલથી માંડીને દક્ષિણમાં મૈસૂર સુધી એક વિશાળ સામ્રારાજ્યની સ્થાપના કરી હતી.

# શાસન વ્યવસ્થા.

- ચંદ્રગુપ્ત મહાન સામ્રારાજ્યનો સ્થાપક કે મહાન સમ્રાટ જ ન હતો પરંતુ એક ઉત્તમ વહીવટકર્તા પણ હતો. તેણે જે શાસન વ્યવસ્થાનું સર્જન કર્યું તે છેક મૌર્યયુગથી માંડીને આજ સુધી જીવંત છે. તેના વહીવટના ચાર સ્તર હતા.
  1. કેન્દ્રિય વહીવટ.
  2. પ્રાંતિય વહીવટ.
  3. પ્રાદેશિક વહીવટ.
  4. નગરનો વહીવટ.